# સે-૨૭માં યુવતીનો પંખે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ આપઘાત

## પિતાને છાતીનો દુઃખાવો હોવાથી દાખલ હતા અને બિમાર દિકરીને લઈને માતા સિવિલ ગઈ તે વખતે યુવતીએ ભરેલ અંતિમ પગલું

ગાંધીનગર, તા.૧૮

શહેરના સેકટર-૨૭માં રહેતી ૧૮ વર્ષની યુવતીએ આજે બપોરના અરસામાં પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર પંખે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. આપઘાત કરવા પાછળ યુવતીનો નબળો અભ્યાસ કારણભુત હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. સે-૨૧ પોલીસે યુવતીનો મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે

સેકટર-૨૭ મકાન નં. ઈ/૮/૪ સી ખાતે રહેતા મહેશભાઈ પરમારને છાતીનો દુઃખાવો થયેલો હોવાથી હોસ્પિટલમાં દાખલ હતા. તેમની નાની દીકરીની તબિયત બગડતા આજે સવારે પત્નિ તેણીને લઈને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર કરાવવા લઈ ગઈ તે દરમિયાન બીજી ૧૮ વર્ષની દિકરી વનિતા પરમાર ઘરે એકલી હતી. પોતાના ઘરે જ વનિતાએ કોઈ કારણોસર પંખે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ લઈ મોતને વહાલું કરી દીધું હતું. આ બનાવ અંગે પોલીસને જાણ થતાં સે-૨૧ પોલીસ મથકના પી.એસ.આઈ. રાઠવાએ યુવતીનો મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે વનિતાએ અભ્યાસમાં નબળી હોવાથી આ પગલું ભર્યું છે. પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.



ભુવનેશ્વર મહાદેવ સેક્ટર-૬ ખાતે ગઈકાલે એક 'ડાન્સ કોમ્પીટીશન'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૮ જેટલા સોલો પરફોર્મન્સ અને ૭ જેટલા ગ્રુપ ડાન્સ રજૂ થયા હતા. સ્પર્ધાના અંતે દિપા પંડ્યા, આકાશસિંહ ભાટી, એરીકા ખન્ના પ્રથમ, દ્વિતીય ક્રમે તૃતીય ક્રમે જ્યારે ગ્રુપ ડાન્સમાં સરસ્વતી સ્કૂલ, સોનું રાજપૂત, અર્જુન ગ્રુપ પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમે વિજેતા થયા હતા. જ્યારે બિનલ ચાવડાને આશ્વાસન ઈનામ અપાયું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# સોફટબોલ સ્પર્ધામાં ચૌધરી મહીલા કોલેજ વિજેતા

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત યુનિવર્સિટી દ્વારા સાઉથઝોન ઈન્ટર કોલેજ સોફટબોલ સ્પર્ધાનું ખંભાત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરની ચૌધરી મહીલા આર્ટસ કોલેજની ટીમે ઉત્કૃષ્ઠ દેખાવ કરી ચેમ્પિયન બની હતી.

આ સ્પર્ધામાં જુદી જુદી અનેક કોલેજની ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મુકાબલામાં ગાંધીનગર જિલ્લાની જ દહેગામ ટીમ સામે શહેરની ચૌધરી મહિલા કોલેજનો સામનો થયો હતો.

સમગ્ર સ્પર્ધા દરમિયાન ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર આ ટીમે ફાઈનલમાં પણ સુંદર દેખાવ કરતા વિજેતા બનવા પામી હતી. ટીમના કેપ્ટન લક્ષ્મી ચૌધરી તેમજ ખેલાડીઓ ગીતા પટેલ, ચંદ્રિકા ચૌધરી, સીમા ચૌધરી, હેતલ સંગાડા, રમીલા શાહુ, અંકિતા ચૌધરી, આશા ચૌધરી, વિમળા ચૌધરી, મંજુલા ચૌધરી, મમતા ચૌધરી, મનિષા ચૌધરીએ કોચ પ્રા. વિનોદભાઈ ચૌધરીના માર્ગદર્શનમાં વિજયી પ્રદર્શન કર્યું હતું. કોલેજના સમગ્ર સંચાલક મંડળ અને સ્ટાફ પરિવાર તરફથી અભિનંદનની વર્ષા કરવામાં આવી હતી.



શામળાજી પંથકના વનવાસી ૧૮ જેટલા વનવાસી ગામોના ૧૫૬ વૃદ્ધ લાભાર્થીકાર્ડ ધારકોને મફત ૩ કિ.ગ્રા. ચોખાના પેકેટ અને લગભગ ૨૦૫ બાળકોને વિનામૂલ્યે નવા કપડાનું વિતરણ ગાંધીનગરની શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. અતિ પછાત વિસ્તારના ગામો જેવા કે લાલપુર, બ્રહ્મપુરી, વજાપુર તેમજ કુસ્કીમાંથી વનવાસી જરૂરિયાતમંદોને સહાયરૂપ થવાના આશયથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કૂલમાં ભણતા બાળકોને ગણવેશ તથા અન્ય નવા કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. સુનોક તથા ખારી પાસે એકઠા થયેલ વૃદ્ધ લાભાર્થીઓને દર ૪૫ દિવસે ૩ કિ.ગ્રા. ચોખા આપવાની યોજના કાર્યરત છે.

ગાંધીનગર એફએસએલ ખાતે

# સિનિ. આઈ.પી.એસ. અધિકારીઓની ઈન્ટરનેટ ક્રાઈમ અંગે તાલીમ અપાઈ

## વિવિધ ૧૩ રાજ્યોમાંથી એડી. ડીજીપીથી એસ.પી. રેન્કના અધિકારીઓ પ્રતિનિધિ રૂપે તાલીમ લઈ રહ્યા છે : હાઈટેક ક્રાઈમ્સ એવા સાયબર ક્રાઈમ્સના યોગ્ય ઈન્વેસ્ટીગેશન માટે યોજાયેલી શિબિર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર એફએસએલમાં સિનિ. દિલ્હી, ઝારખંડ, ઉત્તરાખંડ અને ગુજરાત સહિતના ૧૩ રાજ્યોના પ્રતિનિધિ સ્વરૂપે સિનિ. આઈપીએસ



આઈ.પી.એસ. અધિકારીઓની પાંચ દિવસીય તાલીમ શિબિર ચાલી રહી છે.

હાઈટેક બનેલા ગુનેગારો હવે લુંટ-ફાટ કરીને પાંચ-દસ હજાર પડાવવાને બદલે ઘરે બેઠા-બેઠા ઈન્ટરનેટના માધ્યમથી કરોડોની છેતરપીંડી કરવાનું પસંદ કરવા લાગ્યા છે. આ ક્રાઈમની માત્રા હવે દિનપ્રતિદિન વધવા લાગતા તેના યોગ્ય ઈન્વેસ્ટીગેશન અને ડીટેક્શન માટે તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ ૧૩ રાજ્યોમાંથી પ્રતિનિધિ સ્વરૂપે એડી., ડી.જી.પી. થી એસ.પી. રેન્કના આઈ.પી.એસ. અધિકારી હાજર રહ્યા છે.

૧૬મી સપ્ટેમ્બરથી ૨૦ સપ્ટેમ્બર સુધીની પાંચ દિવસીય તાલીમ શિબિરમાં પંજાબ, ભોપાલ, આસામ, મધ્યપ્રદેશ, ચંદીગઢ, નાગાલેન્ડ, તામીલનાડુ, નવી અધિકારીઓ હાજર રહ્યા છે. વર્ટીકલ ઈન્ટરેક્શન કોર્સની આ તાલીમમાં સાયબર ક્રાઈમ પર અને ખાસ કરીને મોબાઈલ તથા ઈન્ટરનેટના માધ્યમથી બની રહેલા ગુનાઓને નિયંત્રીત કરી યોગ્ય ઈન્વેસ્ટીગેશન અને ડીટેક્શન કરવા પર ભાર મુકવામાં આવ્યો છે. પ્રથમવાર શરૂ થયેલા આ કોર્ષમાં સાયબર એન્ડ મોબાઈલ ફોરેન્સીકસને કેન્દ્રમાં રાખીને તાલીમ અપાઈ રહી છે. એવીડન્સ કેવી રીતે લેવા તે માટે સર્ચ એન્ડ સીન્ડર, ઈન્વેસ્ટીગેશન કેવી રીતે કરવું તે માટે ઈન્ટરનેટ ક્રાઈમ્સ સહિતના વિવિધ વિષયો પર પ્રેક્ટીકલ તાલીમ અપાઈ રહી છે. સિનિ. આઈપીએસ અધિકારીઓને ડી.એફ.એસ. ના વિવિધ વિભાગો તથા ટેકનોલોજીની જાણકારી પણ અપાઈ રહી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ગણેશોત્સવનાં અંતિમ દિવસે ભુવનેશ્વર મહાદેવ સેક્ટર-૬ ખાતે મહાઆરતી અને દીપ - પ્રાગટ્ય પ્રસંગે તાજેતરમાં યોજાયેલ 'મીસીસ ગાંધીનગર ટેલેન્ટ ઈવનીંગ'નાં વિજેતાઓ કોમલ વ્યાસ, સમાચારનાં પત્રકાર ધનંજય જોષી, જ્યોત્સનાબેન બુચ, ભુવનેશ્વર યુવક મંડળનાં સંદીપ જોષી ઉપસ્થિત રહ્યા હતા.

# સે-૨૨ના સાર્વજનિક ગણેશોત્સવનું ધામધૂમથી સમાપન

ગાંધીનગર, તા.૧૮

તા. ૯મી થી ૧૫મી સપ્ટેમ્બર સુધી ચાલેલા સેકટર-૨૨ના રંગમંચ ખાતેના સાર્વજનિક ગણેશ ઉત્સવનું ધામધૂમથી સમાપન થયું હતું. શહેરની ધર્મપ્રેમી જનતાએ આ સમગ્ર ઉત્સવ દરમિયાન ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો.

સતત સાત દિવસ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોથી સુશોભિત આ ઉત્સવમાં ધર્મપ્રેમી જનતા, વસાહતીઓ, વ્યાપારી સંસ્થાઓ, રાજયપાલ કાર્યાલય, શહેરના ધારાસભ્ય, જિલ્લા પંચાયત પ્રમુખ, રાજય સરકારના મંત્રીઓ, માર્ગ મકાન વિભાગ, માહિતી ખાતુ, યુવા સાંસ્કૃતિક ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, મહાનગરપાલિકા, એસ.આર.પી. ગ્રુપ-૧૨, કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, જિલ્લા પોલીસ, પ્રેસ-મિડીયા તથા અધિકારીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. ગણપતિદાદાની મૂર્તિના દાતા મીનાબેન પવાર સાથે શ્રી રંગગૃપ, સરદાર સરોવર નર્મદા નિગમ, સેન્ટ્રલ બેંક, સ્ટેટ બેંક, નાગરિક બેંક, દેના બેંક, બેંક ઓફ ઈન્ડિયા, ન્યુ સચિવાલય એમ્પ્લોઈઝ ક્રેડીટ સોસાયટી, ઈન્ડિયન બેંક, મધુર ડેરી, નહેરુ યુવા કેન્દ્ર, ફાયર બ્રિગેડ, વેપારી મંડળ, કલેકટર ઓફિસ, મહારાષ્ટ્ર સમાજ જેવી વિવિધ સંસ્થાઓ સાથે ખાનગી વ્યવસાયિક એકમોએ પણ ઉત્કૃષ્ઠ સહકાર પૂરો પાડયો હતો.

# ચિલોડા પંથકમાં ખરીફ પાકથી ખેતરો લહેરાયાં

## હજુ પાછોતર વરસાદની એકાદ ઝાપટાંની રાહ જોતાં ધરતીપુત્રો : ભાદરવી તાપથી લોકો ત્રાહિમામ

ચિલોડા, તા.૧૮

રાજયમાં કેટલાક વિસ્તારોમાં છેલ્લા સપ્તાહથી પાછોતર વરસાદના આગમનથી ખેડૂતોમાં ચિંતાના વાદળો સર્જાયા છે. અમુક વિસ્તારમાં પવન સાથે વરસાદથી પાકને નુકશાન થવાના એંધાણોથી ચિંતા સર્જાઈ છે જયારે છેલ્લા ૨૦ દિવસથી ઉઘાડ નીકળતા ખેડૂતો ખેતીકામમાં ખેતીના પાકોને નિંદામણ તથા જંતુનાશક દવાનો છંટકાવમાં વ્યસ્ત બન્યા છે. જયારે અગાઉ જુન જુલાઈ બે માસમાં વરસાદી માહોલથી ખેતીના પાકોને વરસાદી પાણી મળતાં ખેતરો પાકોથી લહેરાઈ રહ્યા છે. જેમાં કપાસના પાકમાં ફુલ, ચકરું તથા કેરીઓનું આગમન થતાં લીલાછમ ખેતરો નજરે પડે છે ત્યારે અમુક ખેડૂતો ચાલુ સાલે શાકભાજી તરફ વધુ આકર્ષાયા છે. પરિણામે ખેડૂતો પોતાના ખેત ઓજારોથી પાકોની માવજત કરવા અથાક પ્રયત્નો આદરી રહ્યા છે. ચિલોડા પંથકમાં સતત વરસાદના વિરામ બાદ ધરતીપુત્રોમાં રાહતની લાગણી પ્રવર્તી રહી છે જયારે ભાદરવા ઓતરા-ચિતરાતો તાપથી લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ધરતીપુત્રોમાં ખરીફ પાકના વાવેતર બાદ વરસાદ આવે ન આવે તો પણ ચિંતાના વાદળો સતાવે છે.

મેઘરાજાના વિરામ બાદ હાલમાં ખેડૂતોમાં કૃષિ કાર્યમાં અવિરત કામમાં વ્યસ્ત ઉભા પાકો તથા આંતરખેડ, નિંદામણ, જંતુનાશક દવાના છંટકાવમાં જોતરાતાં કંઈક અંશે રાહતનો દમ ખેંચી રહ્યા છે. આમ છતાં શાકભાજીનું ધરું મળતા કપાસ તથા દિવેલાના ભાવોમાં અનિશ્ચિતતાથી રોકડિયા પાક તરીકે શાકભાજીના વાવેતર તરફ આકર્ષાયા છે. આમ વરસાદી માહોલથી પિયત સંચાઈ તરીકે ટયુબવેલમાં ભુગર્ભજળ સપાટીમા સુધારો થતાં રાહતનો અનુભવ થશે. વધુ વરસાદથી નિંદામણનો પ્રશ્ન વધુ વિકટ બન્યો છે. પરિણામે આર્થિક ફટકો વધુ સહન કરવો પડે તેવી સ્થિતિ જોવા મળે છે. ચિલોડા પંથકમાં કપાસના પાકથી ખેતરો લહેરાતાં ખેડૂતોમાં ખુશીની લહેર પ્રવર્તી રહી છે આ છતાં પાકમાં રોગચાળામાં ચુસિયા રોગે દેખા દેતાં દવાનો છંટકાવ કરી ખેડૂતો પાકને બચાવવા અથાક પરિશ્રમ આદરી રહ્યા છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૮
સૂર્યાસ્ત : ૬.૪૩

## તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હૉરર સ્ટૉરી : ૧૦.૧૫, ૩.૧૦, ૮.૦૫
જૉન ડે : ૧૨.૨૫, ૫.૨૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ગ્રાન્ડ મસ્તી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
ગ્રાન્ડ મસ્તી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સૂર્યા, વાવોલ**

ગ્રાન્ડ મસ્તી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
જૉન ડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
હૉરર : ૧૧.૦૦, ૩.૩૦, ૧૦.૩૦
એસ ડી રૉમાન્સ : ૧.૦૦, ૮.૦૦
ગ્રાન્ડ મસ્તી : ૫.૩૦

**ચિરાગ, કલોલ**

મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આજે ધન લાભ થવાની શક્યતા છે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર- વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. દેવેન્દ્રપ્રસાદ શંકરલાલ શેઠ (ઉ.વ.૮૨) પ્લોટ નં. ૩૨૯/૨, સેકટર- ૭/એ, ગાંધીનગર.
- સ્વ. પ્રભાશંકર ગોકળદાસ જોશી (ઉ.વ.૧૦૩) પ્લોટ નં. ૫૦૪/૨, સેકટર- ૭/બી, ગાંધીનગર.
- સ્વ. રણછોડભાઈ ગોવિંદભાઈ ચૌહાણ (ઉ.વ.૪૯) બ્લોક નં. ૧૪૭/૫, જ-ટાઈપ, સેકટર- ૨૯, ગાંધીનગર.
- સ્વ. કાળુજી ચેહુસિંહ રાણા (ઉ.વ.૫૫) મુ.પો. નવા ધરમપુર, તા., જિ. ગાંધીનગર.